# સરકારો ચૂંટણીઓમાં વ્યસ્ત છે અને હોસ્પિટલો કમાણીમાં મસ્ત છે

કોરોનાના કેસ રાજાની કુંવરીની જેમ દિવસે ના વધે તેટલા રાત્રે વધે છે અને રાત્રે ના વધે તેટલા દિવસે વધે છે. શહેરથી લઈ આખા દેશમાં કોરોનાએ ખતરાની ઘંટડી વગાડી છે. બેરોકટોક વધતા કોરોનાને નિયંત્રિત કરવા સરકારોએ પણ જાણે હાથ ઉંચા કરી દીધા હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. હોસ્પિટલો હાઉસફુલ છે. ખાનગી હોય કે સરકારી કોવિડ વોર્ડ દર્દીઓથી ઉભરાય છે. છેલ્લા ૧૩ મહિનાનો ખતરનાકમાં ખતરનાક સમય અત્યારે અનુભવાય છે. દરેક જગ્યાએ આરટીપીસીઆર નેગેટીવ ફરજીયાત કરી નિયંત્રણો મુકાયા છે, પરંતુ ટેસ્ટીંગ કેપેસીટી મર્યાદિત હોવાથી પ્રજા રઝળી પડી છે. પેથોલોજી લેબેરોટરીઓ ૨૪ તો શું ૩૬ કલાકે પણ રીપોર્ટ આપવામાં અસમર્થતા અનુભવે છે એટલા કેસોનો ભરાવો છે. રેપિટ ટેસ્ટમાં લાઈનો લાંબી છે અને વિશ્વસનીયતા ઓછી છે એટલે આરટીપીસીઆર ટેસ્ટ માટે નાગરીકો અટવાય છે. સરકાર ચૂંટણીઓમાં વ્યસ્ત હોવાથી કોરોનાની ગંભીરતા જાણે હજી સ્વીકારતી જ ના હોય તેમ દેખાય છે. રાત્રી કરફ્યુ મુકીને સંતોષ માનતા શાસકો કોરોનાની ચેઈન તોડવામાં એક સપ્તાહનું આંશિક લોકડાઉન મુકવા પણ કેમ વિચારાતુ નથી એ આજની મુંઝવણ છે..!! જ્યારે કશું જ નહોતુ અને કેસ બે-પાંચ હતાં ત્યારે આખુ ગાંધીનગર, આખ્ખુ ગુજરાત, આખો દેશ જડબેસલાક લોકડાઉનમાં ઘર કેદ હતો, જ્યારે આજે કોરોનાના ગંભીર વિસ્ફોટની વચ્ચે પણ હળવાશથી વહિવટીતંત્ર ૨ નિવેદન કે ૨ પ્રેસ કોન્ફરન્સ કરીને સંતોષ માને છે એ

**સમયસર**

સમયની કમનસીબી છે. સરકારો ચૂંટણીઓમાં વ્યસ્ત છે... હોસ્પિટલો કમાવવામાં મસ્ત છે... અને પેથોલોજી લેબોરેટરી કેસના ભરાવાથી ત્રસ્ત છે... ત્યારે સામાન્યમાં સામાન્ય કોરોનાથી પિડીત પરિવાર કેવી અને કેટલી પીડા અનુભવે છે તે કદાચ શાસન સુધી નહીં પહોંચતુ હોય. પ્રારંભિક કાળમાં ‘‘જાન હૈ તો જહાન હૈ’’... ‘‘દો ગજ કી દુરી’’... ‘‘દવાઈ ભી કડાઈ ભી’’... રૂપકડા સુત્રો માત્ર માધ્યમોની હેડલાઈન જ બની રહ્યા. ક્યાંય નિયમો પળાતા નથી.... ક્યાંય નિયંત્રણો રખાતા નથી. સરકારની હળવાશમાં સમાજે પણ ગેરલાભ ઉઠાવ્યો છે. વ્યક્તિગત જવાબદારીમાંથી છટકીને સૌએ કોરોનાને મોકળો માર્ગ આપ્યો છે. એક તબક્કે નહિવત કેસોના આંક સુધી પહોંચેલ આપણો દેશ વિશ્વમાં સૌથી વધુ કોરોનાના કેસ પ્રસરાવી વિશ્વમાં નંબર વન બન્યું છે આ દુઃખદ ઘટના છે..! ક્યાં થાપ ખાધી આપણે..?! છેક લક્ષ્ય સુધી પહોંચવામાં સફળતા મેળવવામાં માત્ર બે ડગ જ બાકી હતાં ત્યાં ફરી કડડભુસ..! હતા એના કરતાં વિકરાળ સ્થિતિએ પહોંચ્યા છીએ. કેમ આમ થયું..?! આત્મચિંતન અનિવાર્ય છે. સરકાર, હોસ્પિટલો કે સંસ્થાઓ કોઈને બચાવે કે ના બચાવે આપણે જાતે બચવુ હોય તો સ્વયં જાગૃત બનવુ પડશે. હજુ એક મહિના સુધી અનિવાર્ય સંજોગો સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળજો..! પ્લીઝ...પ્લીઝ...પ્લીઝ...! ટોળાને ટાળીએ..! ગમે ના ગમે પણ માસ્ક પહેરી રાખીએ... અને હા..! વારંવાર હાથ ધોવાનું કોઈ કાળે ભુલીએ નહીં. કોઈની નજીક જઈએ નહી અને કોઈને નજીક આવવા દઈએ નહી..! એજ સમયનો અણસાર છે... કોરોનાના પડકારને પહોંચી વળવા વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધી સામુહિક પ્રતિબદ્ધતા ચરિતાર્થ નહીં કરીએ તો હજુ પણ ભયાનક આંકડાઓ સાંભળવા પડશે..! વાંચવા પડશે. આવો..! આપણે જ કોરોના સામેના યુદ્ધમાં જીતવા માટે આચારસંહિતાના શસ્ત્રો સાથે પ્રતિબદ્ધ રહીએ અને પરિવારને પ્રેરિત કરીએ. આપણે બચીએ...સૌને બચાવીએ...

# ગાંધીનગરમાં કોરોના વિકરાળ : નવા ૫૯ કેસ

**કુડાસણમાં ૧ વર્ષનું બાળક, સરગાસણમાં ૮ વર્ષની દિકરી સહિત ગાંધીનગર ગ્રામ્યમાં ૨૭ કેસ : કલોલ, દહેગામ, માણસામાં એક-એક કેસ : શહેરમાં કોરોનાનું આજે સૌથી વિકરાળ રૂદ્ર સ્વરૂપ સે. ૨ માં જોવા મળ્યુ છે. આ સેક્ટરમાંથી આજે એક જ દિવસમાં નવ કેસ આવ્યા છે, તેમજ સે. ૩ માંથી ૫ કેસ, જીઈબીમાંથી ૨ કેસ, બોરીજમાંથી ૨ કેસ, સે. ૬ માંથી બે કેસ મળી આવેલ છે, આ ઉપરાંત સે. ૧૫, ૧૩, ૩૦, ધોળાકુવા, સે. ૨૭, ૨૧, ૨૯, ૧ અને સે. ૭ માંથી કેસો મળી આવેલ છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. દિવાળીના સમયગાળાનું પુનરાવર્તન થતુ દેખાઈ રહ્યુ છે. જિલ્લામાં આજે ૫૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ અને શહેરમાં ૨૯ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા પણ વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીઓને વધુ સારવાર જરૂરી જણાતાં તેમનો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ મહિલા દર્દીઓ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાની કોરોનાની મહામારીમાં સ્થિતિ અત્યંત નાજુક બની છે. આજે કુડાસણમાંથી એક વર્ષનો દિકરો તો સરગાસણમાંથી ૮ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થયેલ છે. નાના ભૂલકાંઓ સંક્રમિત જે રીતે થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે સંક્રમિત થનારાઓમાં ૩ વિદ્યાર્થી, ૩ સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ, કલોલ અને માણસામાં એક-એક જ કેસ નોંધાયો છે. જયારે ૨૭ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે પહેલેથી જ સંવેદનશીલ રહેલ કુડાસણ ગામમાંથી આજે એક વર્ષના બાળક સહિત નવ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સરગાસણ અને રાયસણમાંથી ૪-૪ કેસ મળી આવ્યા છે. તાલુકાના લેકાવાડા ગામેથી ૨, રાંદેસણમાંથી ૧, વાવોલમાંથી ૧, માધવપુરામાંથી ૧, મોટી શિહોલીમાંથી ૧, ચિલોડામાંથી ૧, રાંધેજામાંથી ૧ અને શેરથામાંથી એક કેસ મળી આવેલ છે. સરગાસણમાં ૮ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે.

દહેગામ તાલુકામાં મીઠાના મુવાડા ગામેથી એક દર્દી મળી આવેલ છે. કલોલના છત્રાલ ગામેથી એક દર્દી મળી આવેલ છે જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

માણસા તાલુકાના લોદરા ગામેથી ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૪૦૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૭૭૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યુ છે. શહેરમાં આજે દિવાળી પછી સૌથી વધુ કેસ ૨૯ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ મહિલા દર્દી છે જ્યારે ૧૧ દર્દી ૬૦ થી વધુ વયના મળી આવ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને વધુ સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે એક ખેડૂત, આઈઆર.ડી.પી.ના અધિકારી, સ્ટેમ્પ વેન્ડર, જીઈબીના બે કર્મયોગી, હાઈકોર્ટના એડવોકેટ, એક વેપારી, ખાનગી નોકરી કરતા સિવિલ ઈજનેર, કોમ્પ્યુટર રીપેરીંગ કરતા ટેકનીશ્યન, ‘કૃષિ મેળો’ દૂરદર્શન ગાંધીનગરના કર્મયોગી, સિવિલ ઈજનેરનો સમાવેશ થાય છે.

શહેરમાં કોરોનાનું આજે સૌથી વિકરાળ રૂદ્ર સ્વરૂપ સે. ૨ માં જોવા મળ્યુ છે. આ સેક્ટરમાંથી આજે એક જ દિવસમાં નવ કેસ આવ્યા છે. સે. ૨ અગાઉ પણ કોરોના માટે સંવેદનશીલ હતુ. તેમજ સે. ૩ માંથી ૫ કેસ, જીઈબીમાંથી ૨ કેસ, બોરીજમાંથી ૨ કેસ, સે. ૬ માંથી બે કેસ મળી આવેલ છે. આ ઉપરાંત સે. ૧૫, ૧૩, ૩૦, ધોળાકુવા, સે. ૨૭, ૨૧, ૨૯, ૧ અને સે. ૭ માંથી કેસો મળી આવેલ છે.

સંવેદનશીલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. મહિલાઓ અને મોટીવયના દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા પણ ૨૫૦ થી વધી ગઈ છે. શહેરમાં કેન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી છે એટલુ જ નહિ હોમ ક્વોરોન્ટાઈન કરાયેલ લોકોની સંખ્યા ૫ હજાર જેટલી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તેમજ માસ્ક ફરજીયાતના અમલીકરણ માટે તંત્રએ કડક તાકીદ કરી છે. તંત્રએ મોટીવયના લોકોને પણ જરૂરી ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે અને સતત હાથ ધોતા રહેવાની સલાહ આપી છે.

## જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૪ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૪ ટકાએ પહોંચ્યો છે. છેલ્લા એક માસમાં જ ચેપરેટ જેટ ગતિએ વધતાં તંત્રની ચિંતા વધી છે.

દિપાવલી પર્વ સમયે જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ શહેરમાં પુનઃ ઉભી થતી જોવા મળી રહી છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે અને ગ્રામીણ વિસ્તારમાં પણ કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી ગઈ છે. દર્દીઓમાં પરિવારના પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે એથી પણ તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તે જોતાં આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ કથળતી જોવા મળશે તેવો ભય પણ જિલ્લાવાસીઓને સતાવી રહ્યો છે.

## ધણપમાં કોરોનાનો વિસ્ફોટ ૩૬ કેસ પોઝીટીવ મળી આવ્યા

ગાંધીનગર તાલુકાના ધણપ ગામે આજે કોરોનાનો વિસ્ફોટ થયો છે. ધણપ ગામમાં આજે એન્ટીજન ટેસ્ટ માટે કરાયેલા કેમ્પ દરમ્યાન ૩૬ વ્યક્તીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગામમાં આજે ૧૬૩ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૩૬ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. નવ વ્યક્તીઓ બહારગામથી આવ્યા હતા તેમનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આમ આજે ધણપ ખાતેના કેમ્પમાં ૪૫ કેસ પોઝીટીવ આવ્યા છે.

તંત્રએ આજે ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો નોંધાયા છે તેમાં ધણપ ગામે નોંધાયેલો એક પણ કેસ દર્શાવ્યો નથી. ગ્રામીણ વિસ્તારમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રમાં પણ ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનના નિયમોની કડક અમલવારી થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે. જો કે તંત્રમાં મોનીટરીંગનો અભાવ જોવા મળી રહ્યો છે.

## રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ કોરોનાથી સંક્રમિત થયા

રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા આજે કોરોનાથી સંક્રમિત થયા છે. તેમને તબીબોની સલાહ મુજબ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજ્ય વિધાનસભાના સત્ર દરમ્યાન રાજ્યના ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલ, સામાજિક ન્યાય અધિકારીતાના મંત્રી ઈશ્વરભાઈ પરમાર પણ સંક્રમિત થયા હતા. રાજ્ય ગૃહમંત્રીએ ટ્વીટરના માધ્યમથી તેઓ સંક્રમિત થયાની જાણકારી આપી છે. તેમણે તેમના સંપર્કમાં આવેલા લોકોને પણ ટેસ્ટ કરાવી લેવા અપીલ કરી છે.

## આરોગ્ય કમિશનર કચેરીમાં બે અધિકારી સહિત ૭ નો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગરમાં બ્લોક નં. ૫ માં આવેલ આરોગ્ય કમિશનરની કચેરીના બે ઉચ્ચ અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાની વાત આજે જુના સચિવાલયના કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવી હતી. આરોગ્ય કર્મચારીઓ જ સંક્રમિત થઈ રહ્યા છે. આજે કમિશનરની કચેરીમાંથી જ પાંચ જેટલા કર્મયોગીઓ પણ સંક્રમિત થયાનું આ ચર્ચા દરમ્યાન ચર્ચાતુ હતુ. એક ઉચ્ચ અધિકારી તો અગાઉ પણ કોરોનાથી સંક્રમિત થયા હતા અને પુનઃ તેઓ સંક્રમિત થયાની વાતને લઈ કર્મચારીઆલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

## કોલેજમાં આજે રોજના ૧૧૦૦થી વધુ સેમ્પલો ચકાસણી માટે આવે છે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે ૧૧૦૦ થી વધુ સેમ્પલો કોરોનાની ચકાસણી માટે આવી રહ્યા છે.

આ માટે સિવિલમાં સવારથી મધ્યરાત્રિ સુધી સતત ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા છેલ્લા એક વર્ષમાં ૮૩ હજારથી વધુ કોરોનાના રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. આ ડિપાર્ટમેન્ટના તમામ કર્મચારીઓએ વેક્સીનના બે ડોઝ લીધા બાદ પણ ૪ કર્મયોગીઓ પોઝીટીવ આવ્યા હતા. રસીના કારણે આ કર્મયોગીઓને કોરોનાના લક્ષણો હળવા જણાયા હતા. મળતી વિગતો પ્રમાણે ૪ પૈકી બે કર્મયોગીઓ ફરજ પર પરત ફર્યા છે.



ગરમીનો પારો દિવસે દિવસે વધતો જાય છે. ઉનાળાની આકરી ગરમીની અસર હવે જનજીવન પર જોવા મળી રહી છે. ઉનાળો દિવસે દિવસે આકરો બની રહેતા વસાહતીઓ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વળી હાલમાં કોરોનાનો ભય પણ વધી રહ્યો છે જેના કારણે લોકો ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે. લોકોની અવરજવર ઓછી રહેતા માર્ગો સુમસામ લાગી રહ્યાં છે.

# ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં વેન્ટીલેટર હાઉસફુલ

**સીવીલ હોસ્પિટલમાં ૨૨૬ કોરોનાના દર્દીઓ સારવાર હેઠળ - ૭૦ની સ્થિતિ નાજુક**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં કોરોના બેકાબુ બની રહ્યો છે. પાટનગરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વેન્ટીલેટર વોર્ડ હાઉસફુલ છે. ૬૦૦ બેડની નવી કોવીડ બિલ્ડીંગમાં હાલના સમયે અંદાજીત ૨૨૬ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર ૧૦૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે શહેરની ખાનગી કોવીડ હોસ્પિટલમાં પણ આશકામાં ૯૦ દર્દીઓ, સેકટર-૨૬ ખાતે સરમાઉન્ટમાં ૧૮ દર્દીઓ તેમજ વાંછાણી ૧૬ હોસ્પિટલ પણ કોવીડ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. ત્યારે કોરોનાને પગલે પાટનગરની પરિસ્થિતિ દિવસે ને દિવસે વણસી રહી હોય તેમ લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકાની ચુંટણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ઉમેદવારો દિવસ દરમિયાન કાર્યકરો સાથે સતત સવાર થી સાંજ સુધી પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. ત્યારે બીજીતરફ કોરોનાનું સંક્રમણ ખુબ જ ઝડપી ફેલાઈ રહ્યું છે. ન્યું ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોરોનાના કેસનો આંક ચિંતાજનક રીતે વધતો જોવા મળી રહ્યો છે. જયારે બીજીબાજુ કોરોના સંક્રમિત પોઝીટીવ દર્દીઓના મૃત્યુનો આંકનો સિલસિલો પણ વધતો જોવા મળી રહ્યો છે. રાજયમાં શનિવારના રોજ ૨૮૧૫ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં ૨૨૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાંથી ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર અંદાજીત ૧૦૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ગાંધીનગર શહેરની ખાનગી કોવીડ હોસ્પિટલમાં પણ કોવીડ વોર્ડ હાઉસફુલ જોવા મળી રહ્યા છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં કોરોનાના ૨૯ દર્દીઓ નોંધાયા છે.જયારે ગ્રામીણ વિસ્તારમાં પણ કોરોનાએ પગ પેસારો કરતા ૩૦ દર્દીઓ પોઝીટીવ આવ્યા છે. ગાંધીનગર શહેરમાં શ્વાસ, ડાયાબિટીસ અને ફેફસાની બિમારીથી પિડાતા હોય તેવા વડીલ દર્દીઓ માટે કોરોના ઘાતક સાબિત થાય છે.જયારે ચુંટણીનો સમય ચાલી રહ્યો છે ત્યારે રાત્રી બેઠકો, સભાઓ, રેલીઓ સહિતમાં રાજય સરકારની કોવીડ ગાઈડ લાઈનનું પાલન નહી કરવામાં આવે તો પરિસ્થિતિ વણસી શકે છે. ત્યારે મેચ અને ચુંટણીના માહોલ વચ્ચે શહેરમાં કોરોના બેકાબુ ન બને તે માટે સામાન્ય નાગરીકોએ પણ સાવચેતી અને તકેદારી રાખવી આવશ્યક છે.

## શહેરમાં કોરોના સંક્રમિત ૯ મૃતકોની અંતિમવિધી કરાઈ

રાજયના પાટનગરમાં કોરોના સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે કોરોનાની સારવાર લઈ રહેલા પોઝીટીવ દર્દીઓનો મૃત્યુનો સિલસિલો પણ વધી જવા પામ્યો છે. બિન સત્તાવાર આંકડા પર નજર કરીએ તો શહેરના સેકટર-૩૦ મુકિતધામ ખાતે ૬ દર્દીના તેમજ સરગાસણ રૂદ્રભુમિ ખાતે ૩ કોરોના પોઝીટીવ મૃતકોની અંતિમવિધી કરવામાં આવી છે.

## ગાંધીનગર અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૭૫૨ નાગરીકોના રેપીડ ટેસ્ટ કરાયા

ગાંધીનગર મનપાની ચુંટણી નજીક આવી રહી છે. તેમ તેમ કોરોના કેસ પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં અંદાજીત ૨૨૬ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે કોરોના રેપીડ ટેસ્ટ કરાવનાર નાગરીકોની સંખ્યામાં પણ જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરના સેકટર-૨, સેકટર-૨૪ અને સેકટર-૨૯ અને સેકટર-૨૧ ખાતે રેપીડ ટેસ્ટ માટે લાંબી લાઈનો લાગે છે. ત્યારે આજે શનિવારના રોજ વિવિધ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન ૭૫૨ નાગરીકોએ ટેસ્ટ કરાવ્યા છે.

# મનપાના જંગમાં ૧૭૧ ઉમેદવારો, ૬૨ ઉમેદવારી પત્રો અમાન્ય રહ્યા

**વોર્ડ નં. ૧ માં સૌથી વધુ ૨૧, વોર્ડ નં. ૬ માં ૧૯, ઉમેદવારો મેદાનમાં રહ્યા છે : સોમવારે ચિત્ર સ્પષ્ટ થશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં આજે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ૬૨ ઉમેદવારી પત્રો અમાન્ય રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે ૨૩૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. આજે ૬૨ ઉમેદવારી પત્રો અમાન્ય રહેતા હવે ૧૭૧ ઉમેદવારો મેદાનમાં છે.

સોમવાર એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે એટલે બપોર પછી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

આજે સવારે ૧૧ વાગે વોર્ડવાર ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. વોર્ડ નં. ૧ માં ૫, વોર્ડ નં. ૨ માં ૬, વોર્ડ નં. ૩ માં ૬, વોર્ડ નં. ૪ માં ૯, વોર્ડ નં. ૫ માં ૬, વોર્ડ નં. ૬ માં ૭, વોર્ડ નં. ૭ માં ૧, વોર્ડ નં. ૮ માં ૪, વોર્ડ નં. ૯ માં ૬, વોર્ડ નં. ૧૦ માં ૪ અને વોર્ડ નં. ૧૧ માં ૮ મળી કુલ ૬૨ ઉમેદવારીપત્રો અમાન્ય ચૂંટણી અધિકારીશ્રીઓએ જાહેર કર્યા હતા.

વોર્ડ નં. ૮ માં ભાજપના એક ઉમેદવાર સામે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના ઉમેદવારે વાંધા અરજી રજુ કરી હતી પરંતુ આ અરજી વાંધા લેવાની સમય મર્યાદા બહારની હોવાનું કહી અરજી ધ્યાને લીધી ન હતી.

આજે ઉમેદવારી પત્રની ચકાસણી અંતે વોર્ડ નં. ૧ માં ૨૧ ઉમેદવારો મેદાનમાં છે. જે શહેરના આ જંગમાં સૌથી વધુ છે. અહિ સાત અપક્ષ ઉમેદવારો ઉપરાંત ભાજપ-કોંગ્રેસ અને આપના ઉમેદવારો તેમજ એન.સી.પી.ના પણ બે ઉમેદવારો મેદાનમાં છે.

ચકાસણીને અંતે વોર્ડ નં. ૨ માં ૧૪, વોર્ડ નં. ૩ માં ૧૪, વોર્ડ નં. ૪ માં ૧૪, વોર્ડ નં. ૫ માં ૧૩, વોર્ડ નં. ૬ માં ૧૯, વોર્ડ નં. ૭ માં ૧૩, વોર્ડ નં. ૮ માં ૧૮, વોર્ડ નં. ૯ માં ૧૫, વોર્ડ નં. ૧૦ માં ૧૬ અને વોર્ડ નં. ૧૧ માં ૧૪ ઉમેદવારો મેદાનમાં છે.

# શહેરના ઘ-૪ વિસ્તારમાં લારી ગલ્લાના દબાણોથી ટ્રાફિકને અડચણ

**દિવસે અને રાત્રિના સમયે સાંકડા માર્ગ પર ટ્રાફિકના ધમધમાટ વચ્ચે દબાણો અડીંગો જમાવતા માર્ગ સલામતી જોખમાઇ**

ગાંધીનગર તા ૩

શહેરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર હાલ અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે નગરના મુખ્યમાર્ગો પરનો ટ્રાફિક સિનારીયો બદલાયો છે. બીજીતરફ હાલ સ્વર્ણિમ પાર્ક સામે સ્થિત સાંકડા સર્વિસ રોડ પરથી પણ દિવસ રાત વાહનો દોડી રહ્યા છે. ત્યારે આ વિસ્તારમાં માર્ગની બન્ને બાજુએ લારી ગલ્લાના દબાણોએ અડ્ડો જમાવતા માર્ગ સલામતી સામે પણ જોખમ મંડરાયુ છે.

શહેરના હાર્દ સમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કની બન્ને બાજુ લારી ગલ્લા ગોઠવાઈ જતા ટ્રાફિક માટે મોટી અડચણ ઉભી થઈ છે. સાંજના સમયે આ વિસ્તારમાં ડીશ ગોળાની લારીઓ લાઈન બધ્ધ ગોઠવાઈ જાય છે જયારે દિવસ દરમિયાન પણ વિવિધ ચીજ વસ્તુઓનુ વેચાણ કરતા વેપારીઓ પાથરણા લગાવી બેસી જતા ટ્રાફિક માટે અડચણ ઉભી થઈ છે. સાંકડા માર્ગ પર દબાણોએ અડ્ડો જમાવતા વાહનોની અવરજવર પણ મુશ્કેલ અને અસલામત બની છે. છેલ્લા કેટલાક સમયથી નગરના મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે. જયારે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી આ બન્ને માર્ગો પર ડાયવર્ઝન અપાયુ છે. ત્યારે ઘ માર્ગ પર ઘ-૫ જવા માટે ગ માર્ગ પરથી મહાત્મા મંદિર પાસે થઈને સ્વર્ણિમ પાર્કની બાજુમાં સ્થિત સર્વિસ માર્ગ પર વાહનો પસાર થાય છે.

● અનુસંધાન પાન- ૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮ www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com